# શ્રમ આયુક્ત શ્રી ની કચેરી, ગુજરાત રાજ્ય,

# ગાંધીનગર

# વાર્ષિક વિકાસ યોજના

# વર્ષ : ૨૦૧૧-૨૦૧૨

# એલ.બી.આર. – ૧, ૧૩, ૨૧ અને ૨૯

## શ્રમ આયુક્ત શ્રી ની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ગુજરાત રાજયમાં શ્રમ કાયદાઓનાં અસરકારક અમલીકરણ ધ્વારા ઔધોગિક શાંતિ જાળવવા માટે શ્રમ આયુકતશ્રીની કચેરી ધ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવે છે. ઉધોગોના વિકાસ માટે ઔધોગિક શાંતિ મહત્વનો ભાગ ભજવે છે. ઔધોગિક શાંતિ જાળવવા તેમજ કોઇપણ શ્રમ પરિસ્થિતિના વિવાદ નાં ઉકેલ માટે આગોતરા અને અસરકારક દરમ્યાનગીરીનાં પગલાં અત્રેની કચેરી ધ્વારા ભરવામાં આવે છે, શ્રમ આયુકતશ્રીની કચેરીનાં હકારાત્મક પ્રયાસોનાં ફળ સ્વરુપે આજે રાજ્યનાં ગુમાવેલ માનવ દિનોની દિવસોની સંખ્યામાં ઉત્તરોઉત્તર ઘટાડો થયેલ છે. આમ, ઔધોગિક શાંતિ નાં ક્ષેત્રે ગુજરાત આગવી અને વિશિષ્ટ પ્રતિભા ધરાવે છે. આમ, રાજયમાં શ્રમ કાયદાઓનાં અસરકારક અમલીકરણ માટે શ્રમ આયુકતશ્રીની કચેરી માટે પ્લાન સદર હેઠળ સને ૨૦૧૧-૧૨ માટે **રૂ. ૧૨૩૭.૦૦ લાખ**ની દરખાસ્ત કરવામાં આવેલ છે. બજેટ સદર વાર જોગવાઈ નીચે મુજબ છે.

***(રૂ.લાખમાં)***

| અ.નં. | બજેટ હેડ | ૨૦૧૧-૨૦૧૨ ની જોગવાઇ | | |
|---|---|---|---|---|
| | | ચાલુ બાબત | નવી બાબત | કુલ |
| ૧ | **એલબીઆર-૧**<br>શ્રમ આયુક્ત શ્રી ની કચેરી ના મહેકમ નું વિસ્તરણ | ૩૪૧.૭૦ | ૨૪૨.૦૫ | **૫૮૩.૭૫** |
| ૨ | **એલબીઆરઃ-૧૩**<br>વરાળ બોયલર ના મુખ્ય નિરીક્ષક હેઠળના મહેકમ નું વિસ્તરણ | ૯૬.૪૪ | ૨૮.૮૮ | **૧૨૫.૩૨** |
| ૩ | **એલબીઆર-૨૧.**<br>સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ને અનુદાન | ૫૦૫.૦૦ | ૦.૦૦ | **૫૦૫.૦૦** |
| ૪ | **એલબીઆર-૨૬**<br>ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય ) | ૨૨.૯૩ | ૦.૦૦ | **૨૨.૯૩** |
| **કુલ સરવાળો** | | **૯૬૬૦૭** | **૨૭૦.૯૩** | **૧૨૩૭.૦૦** |

## વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ની ચાલુ બાબતો ની વિગતો

**એલબીઆર-૧ શ્રમ આયુક્ત શ્રી ની કચેરી ના મહેકમ નું વિસ્તરણ**

એલબીઆર-૧ મા સને ૨૦૧૧-૨૦૧૨ માટે કૂલ રૂ ૩૪૧.૭૦ લાખ ની જોગવાઈ કરવામા આવેલ છે. જેમા શ્રમ આયુક્તશ્રી ના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ માટે પ્લાન સ્કીમ અન્વયે મંજુર થયેલ જગાઓનો પગાર અને અન્ય ખર્ચ માટે રૂ. ૧૧૦.૦૦ લાખની જોગવાઈ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં સૂચવવા માં આવી છે. જ્યારે ગ્રંથાલયના આધુનિકરણ માટે રૂ. ૨.૦૦ લાખ, સ્ત્રી અને બાળ શ્રમ યોગીઓમાં જાગૃતિ અભિયાન અન્વયે રૂ. ૦.૪૦લાખ, એન.સી.એલ.પી. યોજના માટે રૂ. ૧.૦૦ લાખ, સ્ટેટ ચાઇલ્ડ લેબર એકશન પ્લાન માટેરૂ.૧૦.૦૦ લાખ,. લોક અદાલત માટે રૂ. ૧.૦૦ લાખ, વડી કચેરી માટે **૪** અને **૧૮** જિલ્લા કચેરીઓ માટે કૂલ- **૨૨** વાહન ભાડે રાખવા માટે રૂ. ૪૩.૫૬ લાખ, રાજય સલાહકાર કોન્ટ્રાકટ શ્રમ બોર્ડ માટે વાહન ભાડે રાખવા બાબત ભાડે રાખવા માટે રૂ. ૧.૯૮ લાખ. ઇન્ફોર્મલ સેકટર એન્ડ એમઆઇએસ યુનિટની રચના અને કામગીરી માટે રૂ.૧૫૦.૦૦ લાખ. કાયદા સલાહકાર – ૫ રૂ. ૬.૬૦ લાખ, અમરેલી જીલ્લા માટે મદદનીશ શ્રમ આયુકતશ્રી- ૧ જગ્યા રૂ.૩.૮૪ લાખ, તાપી જિલ્લા સરકારી શ્રમ અધિકારીની નવી કચેરી શરૂ કરવામાટે રૂ.૫.૩૮ લાખ, વડોદરા, જામનગર અને ગાંધીધામ કચેરી માટે ભાડે વાહન રૂ.૫.૯૪ લાખનો સમાવેશ થાય છે.

**એલબીઆરઃ-૧૩ નિયામક, વરાળ બોયલર ની કચેરી ના મહેકમનું વિસ્તરણઃ-**

નિયામાકશ્રી, બોઇલરોના તાબાની જિલ્લા કચેરીઓ માટે પ્લાન સ્કીમ અન્વયે મંજુર થયેલ મહેકમ નો પગાર અને અન્ય ખર્ચ માટે માટે રૂ. ૯૬.૪૪ લાખની જોગવાઈ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં સૂચવવા માં આવી છે. જેમાં જિલ્લા કચેરીઓ માટે પ્લાન સ્કીમ અન્વયે મંજુર થયેલ જગાઓનો પગાર રૂ. ૬૨.૯૧ લાખ, ભાડે રાખેલ ૧૧ વાહનો નો ખર્ચ રૂ. ૨૧.૭૮ લાખ ઉપરાંત સને ૨૦૧૦-૨૦૧૧નાં વર્ષમાં મંજૂર થયેલ નાયબ નિયામક – ૨ જગ્યા માટે રૂ.૪.૨૩ લાખ, જામનગર અને કચ્છ જિલ્લા મા મદદનીશ નિયામક,બોયલરની સ્ટાફ સહિત નવી કચેરી શરૂ કરવા માટેનાં રૂ. ૩.૫૨ લાખ, મદદનિશ નિયામક વર્ગ-૨ - ૧ જગ્યા (વડોદરા કચેરી માટે) માટેનાં રૂ. ૧.૩૭ લાખ, હિસાબી અધિકારી (વર્ગ -૨) ૧ જગ્યા માટેનાં રૂ. ૧.૨૬ લાખ અને ટેકનિકલ ઓફિસર (વર્ગ -૨) ૧ જગ્યા માટેનાં રૂ.૧.૩૭ લાખનો સમાવેશ થાય છે.

**એલબીઆર-૨૧. સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને અનુદાનઃ-**

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ની પ્રવૃત્તિઓ સંગીન બનાવવા અને તેનુ વિસ્તરણ કરવા માટે સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં રૂ.. ૫૦૫.૦૦ લાખની સહાયક અનુદાનની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં સંશોધન તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે રૂ.૧૫૫.૦૦ લાખ તેમજ સંસ્થાન ને લેબર યુનિવર્સીટી બનાવવાના ભાવિ આયોજન માટે રૂ. ૩૫૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**એલબીઆર-૨૬ ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય ) :-**

સદર બોર્ડ ની જુદી-જુદી કલ્યાણકારી યોજનાઓ **તેમજ મહેકમ ખર્ચ્** માટે સને ૨૦૧૧-૨૦૧૨ માટે રૂ. ૨૨.૯૩ લાખ ની જોગવાઈ કરવામા આવેલ છે.

## નવી બાબતો ની વિગતો

**એલબીઆર-૧ શ્રમ આયુક્ત શ્રી ની કચેરી ના મહેકમ નું વિસ્તરણ**

શ્રમ કાયદા ના અસરકારક અમલીકરણ માટે શ્રમ આયુકતશ્રીની કચેરી ના મહેકમ નું વિસ્તરણ તેમજ તેને આધુનિકતા નો સ્પર્શ આપવા કુલ રૂ.૨૪૨.૦૫ લાખની નવી બાબતોની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની નવી બાબતોની દરખાસ્તનો સમાવેશ થાય છે.

**(૧) શ્રમિક કાયદા માર્ગદર્શન હેલ્પલાઇન /સેલ રૂ. ૧૨૭.૫૦ લાખ**

શ્રમિક કાયદા માર્ગદર્શન હેલ્પ લાઇન શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૧-૧૨ના નાણાંકિય વર્ષ માટે સદર બાબતે રૂ.૧૨૭.૫૦ લાખની જોગવાઈ ની દરખાસ્ત છે. પ્રસ્તત હેલ્પ લાઇનથી રાજ્યનાં શ્રમયોગીઓને તેઓની નોકરી દરમ્યાન ઉપસ્થિત થતાં નોકરીને લગતા રોજીંદા પ્રશ્નો બાબતે સચોટ અને સત્વરે માર્ગદર્શન મળી રહેશે.પ્રસ્તુત હેલ્પ લાઇનનો લાભ રાજ્યના તમામ સંગઠિત અને અસંગઠિત શ્રમિકો લઇ શકશે. અંતરિયાળ વિસ્તારમાં ગ્રામ્ય કક્ષાએ રોજી મેળવતા શ્રમયોગીઓને નોકરીને લગતા રોજીંદા પ્રશ્નો બાબતે જીલ્લા કચેરીએ ધકકા ખાવાની જરૂર નહીં પડે અને માત્ર શ્રમિક

કાયદા માર્ગદર્શન હેલ્પ લાઇન મારફ્ત સચોટ અને સત્વરે માર્ગદર્શન મળી રહેશે. આમ તાલુકા સરકારનું સ્વર્ણિમ સોપાન શ્રમયોગીઓ માટે સિધ્ધ થશે.

(૨) શ્રમ આયુક્તશ્રીના તાબા હેઠળની વિભાગીય કચેરીઓ માટે અધિક્ષક ની ૭ નિયમિત જગાઓ સુરત રીજીયન -૩, વડોદરા રીજીયન- ૨ અને રાજકોટ-૨ માટે રૂ. ૧૭.૬૭ની નવીબાબ્ત માં જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) શ્રમ આયુક્તશ્રીની વડી કચેરી અને રીજીયન કચેરીઓની આંકડાકીય કામગીરી માટે કરાર આધારિત સંશોધન મદદનીશ માસિક નિયત પગાર રૂ. ૨૦,૦૦૦/-ની ૮ જગાઓ અને આંકડા મદદનીશ માસિક નિયત પગાર રૂ. ૧૫,૦૦૦/- ની ૮ જગાઓ માટે રૂ.૩૦.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૪) શ્રમ આયુક્તશ્રીની વડી કચેરી અને રીજીયન કચેરી માટે કરાર આધારિત ચોકીદારની ૫ જગાઓ અને ડ્રાઈવરની ૩ જગાઓ માટે રૂ. ૪.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૫) શ્રમ આયુક્તશ્રી કચેરીનાં રેકર્ડરૂમ માટે કોમ્પેકટર માટે રૂ.૫૦.૦૦ લાખ, સ્પ્લીટ એ.સી.- ૪ માટે રૂ.૩.૭૦ લાખ, ક્ષેત્રિય મહિલા અધિકારીઓ માટે એક્ટીવા-૪ માટે રૂ. ૨.૦૦ લાખ, વડી કચેરી અને અમદાવાદ રીજીયન કચેરી માટે આર.ઓ.પ્લાન્ટ વીથ વોટર કુલર માટે રૂ. ૨.૮૨ લાખ અને વડી કચેરી માટે ભાડાનાં વાહ્ન માટે રૂ.૩.૯૬ લાખ ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**એલબીઆરઃ-૧૩ નિયામક, વરાળ બોયલર ની કચેરી ના મહેકમનું વિસ્તરણઃ-**

નિયામકશ્રી, બોઈલરો ની કચેરી માટે સને ૨૦૧૧-૨૦૧૨ નાં અંદાજપત્રમાં કુલ રૂ.૨૮.૮૮ લાખની નવી બાબતોની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે. નિયામકશ્રી બોઈલરોની કચેરી, અમદાવાદ માટે અધિક્ષક ની ૧ જગા માટે રૂ. ૨.૬૭ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. નાયબ નિયામકશ્રી, રાજકોટ, સુરત અને વડોદરા કચેરીઓ માટેનાં મહેકમ માટે (૧) જુ.ટેક આસીસ્ટન્ટ – ૩ (૨) કલાર્ક-ટાઇપીસ્ટ-૩ અને (૩) પટાવાળા – ૩ માટે રૂ. ૧૫.૭૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તાબાની કચેરીઓ (અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, મહેસાણા, રાજકોટ અને જૂનાગઢ કચેરીઓ) માટે મલ્ટીપલ ફેક્ષ મશીન ( 4 in 1) – **૮ માટે રૂ. ૨.૦૦ લાખ** વોટર કુલર વીથ R.O.Plant – ૮ માટે રૂ. ૬.૫૦ લાખ અને ઈ.પી.બી.એસ સીસ્ટમ

(અમદાવાદ,વડોદરા, રાજકોટ અને સુરત કચેરીઓ માટે)માટે રૂ. ૨.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**એલબીઆર-૨૧. સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને અનુદાનઃ-**

સદર એલ.બી.આર માટે સને૨૦૧૧-૨૦૧૨નાં અંદાજપત્રની નવી બાબત શુન્ય છે.

**એલબીઆર-૨૬ ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય )**

સદર એલ.બી.આર માટે સને૨૦૧૧-૨૦૧૨નાં અંદાજપત્રની નવી બાબત શુન્ય છે.